RNI NO-GUJGUJ/2020/79359

E-mail- prajapankh@gmail.com

# પ્રજાપંખ

PRAJA PANKH (GUJARATI WEEKLY- SURAT)

EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR

ગુજરાતી સાપ્તાહિક- સુરત

વર્ષ–૦૬ અંક– ૪૫ (સુરત) તા.૧૧/૦૮/૨૦૨૬ મંગળવાર તંત્રી– મિતલકુમાર પ્રકાશભાઈ ભાવસાર, પાના–૦૪ કિંમત ૧/– રૂ. ૯૯૯૮૦ ૬૧૪૭૦

YEAR-06, ISSUE-45 SURAT DATE-11/08/2026 TUESDAY, SURAT. EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR PAGE- 04, RS- 01/- ONLY. Mo-99980 61470

પ્રજાપંખ– ન્યુઝ પેપર મેળવવા
www.prajapankh.com
99980 61470
93747 20143
ઉપર ના નંબર પર સંપર્ક કરો

2 કામરેજમાં ડુંગરા આશ્રમશાળામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી

2 વજન વધુ છે તો બેરિયાટ્રિક સર્જરી કરાવવી કેટલી યોગ્ય?

3 શાળા ક્રમાંક ૨૯૫ માં કાનૂની જાગૃતિ શિબિરનું આયોજન કરાયું

3 આંબા ગામના સ્વ. મધુભાઈ સાવજનું નેત્રદાન : બે જીવનમાં પાથરાશે ઉજાસ

## માત્ર ગ્લોબલ પોલિસી નહી ચાલે, ભારતીય કાયદા માનવા જ પડશે: કેન્દ્ર સરકારની મેટાને કડક ચેતવણી

ભારત સરકારે મેટાને ભારતીય કાયદાઓનું પાલન કરવા અને માત્ર ગ્લોબલ પોલિસી પર નિર્ભર ન રહેવા ચેતવણી આપી છે. ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય સાથેની બેઠકો બાદ સરકારી સૂત્રોએ આ સ્પષ્ટતા કરી. ભારતમાં કન્ટેન્ટ મોડરેશન માટે સ્થાનિક ઇનપુટ, ખાસ કરીને ભાષાઓ અને સંસ્કૃતિને સમજવા પર ભાર મુકાયો. ઈજઅખ અને ડીપફેક પર ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી, જેમાં માનવ સમીક્ષાની માંગ કરાઈ છે.

મેટાને ભારતમાં પોતાના પ્લેટફોર્મ ચલાવવા માટે માત્ર તેની ગ્લોબલ પોલિસી પર નિર્ભર રહેવાની પરવાનગી આપવામાં આવશે નહીં. તેણે ભારતીય કાયદાઓનું પણ પાલન કરવું પડશે. મેટા અને ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય વચ્ચે થયેલી બેઠકો બાદ સરકારી સૂત્રોએ આ વાત સ્પષ્ટ કરી છે. જોકે, અધિકારીઓએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે, સરકારે મેટાને તેના એલ્ગોરિધમમાં સંપૂર્ણ ફેરફાર કરવાનો કોઈ નિર્દેશ આપ્યો નથી.

સરકારનો મુખ્ય ભાર એ વાત પર છે કે, મેટાની કન્ટેન્ટ પોલિસી, પ્લેટફોર્મ ગાઇડલાઇન્સ અને મોડરેશન સિસ્ટમ ભારતીય કાયદાઓને અનુરૂપ હોય. અધિકારીઓનું કહેવું છે કે, ભારતમાં કન્ટેન્ટ મોડરેશન માટે સ્થાનિક ઇનપુટ વધારવાની જરૂર છે. ખાસ કરીને ભારતીય ભાષાઓ અને સાંસ્કૃતિક બાબતોને સમજવી જરૂરી છે.




સૂત્રોના જણાવ્યા અનુસાર, વિદેશમાં કામ કરતી ટીમો ઘણીવાર ભારતના સ્થાનિક અને સાંસ્કૃતિક સંદર્ભને સંપૂર્ણ રીતે સમજી શકતી નથી. તેથી સરકાર મેટા પાસેથી માત્ર ભરોસો નહીં, પરંતુ નક્કર ફેરફારો ઈચ્છે છે.

બાળકોના જાતીય શોષણ સાથે જોડાયેલા કન્ટેન્ટ ને લઈને સરકારે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મામલે 'ઝીરો ટોલરન્સ' અને 'ઝીરો કોમ્પ્રોમાઇઝ' ની નીતિ છે. અધિકારીઓએ જણાવ્યું કે, મેટાના પ્લેટફોર્મ પર આ પ્રકારનું કન્ટેન્ટ હોવું એ ગંભીર નિયમ ભંગ ગણાશે. સરકારે કંપનીને આવા કન્ટેન્ટ સામે નિપટવા માટે વધુ મજબૂત અને સક્રિય પગલાં લેવા જણાવ્યું છે.

સરકારે જાણીતી હસ્તીઓ સાથે જોડાયેલા ડીપફેક વીડિયો અને કન્ટેન્ટ અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. અધિકારીઓનું કહેવું છે કે, વેરિફાઇડ હેન્ડલથી પોસ્ટ કરાયેલા કન્ટેન્ટને ખોટી રીતે ડીપફેક માનીને હટાવવું જોઈએ નહીં. સરકાર ઈચ્છે છે કે, આવા સંવેદનશીલ કેસોમાં માત્ર ઓટોમેટેડ સિસ્ટમ પર નિર્ભર રહેવાને બદલે 'હ્યુમન ઇન ધ લૂપ' (માનવ સમીક્ષા) વ્યવસ્થા ઊભી કરવામાં આવે, જેથી કન્ટેન્ટ હટાવતા પહેલા તેની યોગ્ય સમીક્ષા થઈ શકે.

બેઠકોમાં મેટાના રેકમેન્ડેશન અને વાયરલ કન્ટેન્ટ સાથે જોડાયેલા એલ્ગોરિધમની પણ તપાસ કરવામાં આવી હતી. સરકારે સવાલ કર્યો કે, યુઝર્સને ઘણીવાર તેમની પસંદગીથી અલગ કન્ટેન્ટ કેમ બતાવવામાં આવે છે?

## પાકિસ્તાન સરહદે દટાયેલા ૧૦૦ હાડપિંજર મળ્યાં, કચ્છમાં ધોળાવીરા બાદ સદીઓ જૂની વધુ એક વસાહત મળી

કચ્છ-પાકિસ્તાન સરહદે જમીન નીચે દટાયેલી અને સમય જતાં સપાટી ઉપર આવેલી સદીઓ જૂની વધુ એક વસાહત મળી આવી છે. પેટ્રોલિંગ દરમિયાન વર્ષ ૨૦૨૪માં બીએસએફના ધ્યાન ઉપર આવેલી પુરાતત્વિય સાઇટ ઉપર કચ્છ યુનિવર્સિટી સાથે રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ વિશેષ સંશોધન કરી રહી છે. ગ્રેટ રણ ઓફ કચ્છમાં આવેલી સાઇટની સ્થિતિ જોતાં અને બે વર્ષના અભ્યાસ બાદ ધારણા મુજબ કોઈ હોનારત અથવા તો સિંધુ નદીનું વહેણ બદલાતાં નગર દટાયાનું મનાય છે. જો કે, વિશેષ સંશોધન બાદ જ અનેક તથ્યો, સંભાવના સ્પષ્ટ થશે.


કચ્છના ધોળાવીરા પછી ગ્રેટ રણ ઓફ કચ્છમાં વધુ એક પુરાતત્વિય સાઇટ મળી આવી છે. પાકિસ્તાન સરહદ નજીક બીએસએફના જવાનો તહેનાત



કરાયાં છે તેમના ધ્યાન ઉપર વર્ષ ૨૦૨૩-૨૪ માં કોઈ પુરાતત્વિય નગર હોવાની બાબત આવી હતી. આ અંગે તંત્રના જવાબદારો સુધી વાત પહોંચાડવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪ થી બીએસએફની મદદથી કચ્છ યુનિવર્સિટી, પીઆરએલ, બીએસઆઈપી, પૂનાની ડેક્કન કોલેજ અને ઓક્સફર્ડ સહિતની સંસ્થાઓએ રણ ઓફ કચ્છમાં પાકિસ્તાન સરહદ નજીક દટાયેલી નવી સાઇટ અંગે સંશોધન શરૂ કર્યું હતું. ઔપચારિકતા પસંદ શાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી અને ઓક્સફર્ડ યુનિવર્સિટી વચ્ચેના સહયોગી એમઓયુ દ્વારા સંશોધન આગળ વધી રહ્યું છે.

## અમરનાથ યાત્રા અનિશ્ચિતકાળ માટે મોકૂફ

ઉત્તર કાશ્મીરના બાલતાલ અને દક્ષિણ કાશ્મીરના પહલગામ રૂટ પરના ટ્રેક ક્ષતિગ્રસ્ત થતા, હવામાન વિભાગની પ્રતિકૂળ આગાહીને કારણે અમરનાથ યાત્રા અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરાઈ છે. યાત્રિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસ અને બેઝ કેમ્પમાં રહેલા તમામ શ્રદ્ધાળુઓને ઘરે પરત ફરવા વિનંતી કરાઈ. ૪.૮૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ બાબા બરફાનીના દર્શન કર્યા.



ઉત્તર કાશ્મીરના બાલતાલ અને દક્ષિણ કાશ્મીરના પહલગામ-બંને રૂટ પરના ટ્રેક ક્ષતિગ્રસ્ત થવાને કારણે તથા હવામાન વિભાગની પ્રતિકૂળ આગાહીને પગલે અમરનાથ યાત્રા અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરી દેવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, બેઝ કેમ્પ તરફ જતા બંને રસ્તાઓને પહોંચેલા નુકસાનનું સમારકામ કરવામાં લાંબો સમય લાગશે. આથી યાત્રિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસ અને બેઝ કેમ્પમાં રહેલા તમામ શ્રદ્ધાળુઓને પોતપોતાના ઘરે પરત ફરવાની વિનંતી કરવામાં આવી છે.

યાત્રા સ્થગિત થતાં જ આ વર્ષ માટેનું નવું રજિસ્ટ્રેશન પણ તાત્કાલિક અસરથી બંધ કરી દેવાયું છે. હવે શ્રદ્ધાળુઓને કાશ્મીર ઘાટી તરફ આગળ વધવા દેવામાં આવશે નહીં, પરંતુ પરંપરાગત પહલગામ માર્ગેથી ભગવાન શિવની પવિત્ર 'છડી મુબારક' ગુફા મંદિર પહોંચશે અને ૨૮ ઓગસ્ટે યાત્રાનું વિધિવત સમાપન થશે. આ ઉપરાંત, હાલ જમ્મુ-કાશ્મીરમાં માત્ર ઘાટીમાંથી યાત્રિકોને સુરક્ષિત રીતે પરત લાવતા વાહનોના કન્વોયને જ મંજૂરી આપવામાં આવી રહી છે. ૩ જુલાઈથી શરૂ થયેલી ૫૭ દિવસીય અમરનાથ યાત્રા દરમિયાન અત્યાર સુધીમાં ૪.૮૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ સમુદ્ર સપાટીથી ૩૮૮૦ મીટરની ઊંચાઈએ આવેલા પવિત્ર ગુફા મંદિરમાં બાબા બરફાનીના દર્શન કરી ચૂક્યા છે.

## સાપુતારા મોન્સુન ફેસ્ટિવલ-૨૦૨૬ : કુદરત, સંસ્કૃતિ અને મનોરંજનનો મનમોહક સંગમ

### સાપુતારાના 'મોન્સુન ફેસ્ટિવલ'માં રજૂ થયા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો





ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા ખાતે યોજાઈ રહેલા 'મોન્સુન ફેસ્ટિવલ-૨૦૨૬' ના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન પ્રવાસીઓ માટે વિવિધ સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચોમાસાની હરિયાળી અને કુદરતી સૌંદર્ય વચ્ચે સાપુતારામાં યોજાયેલા આ રંગારંગ કાર્યક્રમો પ્રવાસીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

દરમિયાન એક ભારત, શ્રેષ્ઠ ભારત અંતર્ગત આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ગુજરાતની સમૃદ્ધ લોકસંસ્કૃતિ તેમજ આદિવાસી સંસ્કૃતિની ઝલક રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન કલાકારો દ્વારા વિવિધ નૃત્ય, સંગીત અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરી પ્રવાસીઓને ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતથી પરિચિત કરાવવામાં આવ્યા હતા.

કાર્યક્રમની રૂપરેખા મુજબ જયતુ જયતુ ગુજરાત નામની સાંસ્કૃતિક પ્રસ્તુતિ અંદાજે ૬ મિનિટ, ત્યાર બાદ મોન્સુન થીમ સોંગ ઋતુ રાજ આવ્યો રે દ્વારા ચોમાસાની મસ્તી અને પ્રકૃતિપ્રેમની ભાવનાને સંગીતમય અંદાજમાં રજૂ કરવામાં આવી હતી. આ પ્રસ્તુતિ પણ અંદાજે ૬ મિનિટની રહી હતી.

તે ઉપરાંત આદિવાસી ફ્યુઝન દ્વારા ડાંગ સહિત ગુજરાતની આદિવાસી લોકસંસ્કૃતિ, પરંપરા અને લોકનૃત્યની રંગબેરંગી ઝાંખી પણ અહીં રજૂ કરવામાં આવી હતી. આદિવાસી ફ્યુઝન પણ આશરે ૬ મિનિટનું રહેવા પામ્યું હતું.

આ સમગ્ર સાંસ્કૃતિક કાર્યક્રમને વાઇબ્રન્ટ ગુજરાત મેડલી સાથે વધુ રંગીન બનાવવામાં આવ્યુ, જે આશરે ૧૦ મિનિટની રહેવા પામી હતી. આમ, કુલ ૩૦ મિનિટના સાંસ્કૃતિક કાર્યક્રમે સાપુતારા 'મોન્સુન ફેસ્ટિવલ'ના ઉદ્ઘાટનના માહોલને સંગીત, નૃત્ય અને લોકસંસ્કૃતિના રંગોથી જીવંત બનાવી દીધુ હતું.

ચોમાસાની ઋતુમાં સાપુતારાની હરિયાળી, ધુમ્મસ, ઝરણાં અને ઠંડા વાતાવરણની સાથે આ સાંસ્કૃતિક કાર્યક્રમોએ પ્રવાસીઓને કુદરત સાથે સંસ્કૃતિનો અનોખો અનુભવ કરાવ્યો હતો. 'મોન્સુન ફેસ્ટિવલ' દરમિયાન મોટી સંખ્યામાં પ્રવાસીઓ સાપુતારાની મુલાકાત લઈ રહ્યા છે ત્યારે આવા કાર્યક્રમો પ્રવાસનને વધુ વેગ આપવાની સાથે સ્થાનિક સંસ્કૃતિ અને કલાકારોને પણ પ્રોત્સાહન આપશે.

**આદિવાસી ફ્યુઝન દ્વારા ડાંગ સહિત ગુજરાતની આદિવાસી લોકસંસ્કૃતિ, પરંપરા અને લોકનૃત્યની રંગબેરંગી ઝાંખી પણ અહી રજૂ કરવામાં આવી હતી. આદિવાસી ફ્યુઝન પણ આશરે ૬ મિનિટનું રહેવા પામ્યું હતું.**

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે રૂ. ૭.૪૭ કરોડના ખર્ચે નિર્મિત ભવાનદગડ સ્થિત નવા એ.આર.ટી.ઓ. કચેરી ભવનનું ઈ-લોકાર્પણ

ડાંગ જિલ્લાના નાગરિકોને વધુ સુવિધાસભર, આધુનિક અને કાર્યક્ષમ પરિવહન સેવાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી આહવા તાલુકાના ભવાનદગડ ખાતે નિર્માણ પામેલ નવા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી (એ.આર.ટી.ઓ.) ભવનનું નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અંદાજે રૂ. ૭.૪૭ કરોડના ખર્ચે નિર્મિત આ ભવન ગુજરાત સરકાર દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.



નવા એ.આર.ટી.ઓ. કચેરી ભવનનું નિર્માણ કાર્ય તા. ૨૯ મે, ૨૦૨૩ ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું અને તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ પૂર્ણ થયું છે. આ પ્રોજેક્ટનું નિર્માણ કાર્ય કશ્યપ બિલ્ડર, સુરત દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. આરસીસી ફ્રેમ સ્ટ્રક્ચર પ્રકારનું આ ભવન આધુનિક માળખાકીય સુવિધાઓથી સજ્જ છે.

નાગરિકોની સુવિધાને કેન્દ્રસ્થાને રાખીને ભવનમાં વિવિધ વિભાગોનું સુઆયોજિત આયોજન કરવામાં આવ્યું છે. ગ્રાઉન્ડ ફ્લોર પર વેઇટિંગ હોલ, લાયસન્સ શાખા, વાહન શાખા, ડીએ શાખા, ઇલેક્ટ્રિક રૂમ, સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની ચેમ્બર તેમજ અન્ય અધિકારીઓ માટેની ચેમ્બર જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જ્યારે પ્રથમ માળે અત્યાધુનિક રેકોર્ડ રૂમ અને સેમિનાર હોલની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પીવાના પાણી માટે આર.ઓ. સિસ્ટમની વ્યવસ્થા ઉપરાંત મહિલા, પુરુષ તથા દિવ્યાંગજનો માટે અલગ ટોઇલેટ સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

દિવ્યાંગજનો માટે અલાયદા પાર્કિંગ તેમાં રેમ્પની વ્યવસ્થા પણ કરવામાં આવેલી છે.

આ નવીન કચેરીમાં અત્યાધુનિક ઇલેક્ટ્રિકલ સુવિધાઓ તથા યોગ્ય વેન્ટિલેશન સિસ્ટમ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તથા લાઇટ જવાના કિસ્સામાં અરજદારોની કામગીરીમાં વિક્ષેપના થાય માટે ડીઝલ જનરેટર સેટની વ્યવસ્થા પણ કચેરી ખાતે કરવામાં આવી છે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ નવા એ.આર.ટી.ઓ. ભવનના કાર્યરત થવાથી વાહન નોંધણી, ડ્રાઇવિંગ લાયસન્સ, વાહન સંબંધિત પરવાનગીઓ તથા અન્ય પરિવહન સેવાઓ વધુ ઝડપી, સુવ્યવસ્થિત અને પારદર્શક રીતે ઉપલબ્ધ બનશે. પરિણામે ડાંગ જિલ્લાના નાગરિકોને ગુણવત્તાસભર સરકારી સેવાઓનો વધુ સરળતાથી લાભ મળી શકશે.

## વ્યક્તિત્વની ઉડાન

# ૩૭ માં વર્ષે ઘર વાપસી : પીએસઆઈ હિરેન મચ્છર સાહેબને ભાવભીનું વિદાય-સન્માન...

## ૩૭ વર્ષની કર્તવ્યનિષ્ઠ પોલીસ સેવા પૂર્ણ કરી હિરેન મચ્છર સાહેબ નિવૃત્ત : રંગીલા ખાતે સ્નેહમિલનમાં સાથીદારો, અધિકારીઓ, સમાજસેવકો અને પરિવારજનોએ આપી લાગણીસભર શુભેચ્છાઓ...

**પ્રજા પંખ, સચીન :** સેવા એ માત્ર ફરજ નથી, સેવા એટલે સમર્પણ...વર્દી માત્ર પહેરવેશ નથી, વર્દી એટલે જવાબદારી અને ગૌરવ...

આ શબ્દોના સાચા હકદાર છે પીએસઆઈ શ્રી હિરેન મચ્છર સાહેબ, જેમણે પોલીસ વિભાગમાં ૩૬ વર્ષ અને ૯ મહિનાની લાંબી, પડકારજનક અને કર્તવ્યનિષ્ઠ સેવા પૂર્ણ કરી આજે સરકારી સેવામાંથી નિવૃત્તિ લીધી છે. ૧૯૯૦ કચ્છથી શરૂ થયેલી તેમની સેવાયાત્રાનો અંત સચીન જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે પીએસઆઈ તરીકે થયો.

નિવૃત્તિ એટલે નોકરીનો અંત, પરંતુ સેવા, સંસ્મરણો, સંબંધો અને લોકોના હૃદયમાં બનાવેલું સ્થાન ક્યારેય નિવૃત્ત થતું નથી. હિરેનભાઈની નિવૃત્તિના પ્રસંગે આ વાતનું જીવંત ઉદાહરણ જોવા મળ્યું.

વેસ્મા સ્થિત રંગીલા ખાતે કપલેથા ગામના સરપંચ શ્રી સુફિયાન ડેગીયા દ્વારા હિરેન મચ્છર સાહેબના માનમાં ભવ્ય નિવૃત્તિ સન્માન અને સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ગીત-સંગીત, ભોજન અને આત્મીય વાતાવરણ વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં પોલીસ વિભાગના અધિકારીઓ, કર્મચારીમિત્રો, સમાજસેવકો, વિવિધ સંસ્થાના આગેવાનો, સ્નેહીજનો અને પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે હિરેનભાઈને શુભેચ્છા અને સન્માન આપવા માટે જાણે સ્નેહ અને લાગણીઓની લાંબી કતાર લાગી હોય તેવું દૃશ્ય સર્જાયું હતું.

**વર્દી ઉતરી ગઈ છે, ફરજની યાદો ક્યાં ઉતરવાની છે**

૩૬ વર્ષ અને ૯ મહિનાની સેવા એટલે માત્ર એક સરકારી નોકરીનો સમયગાળો નથી. એ છે હજારો દિવસોની ફરજ, અસંખ્ય રાતોની ડ્યૂટી, અનેક પડકારો, પરિવારથી દૂર વિતાવેલી ક્ષણો અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે કરેલું અવિરત સમર્પણ.

વર્દી ઉતરી ગઈ છે, પણ ફરજની યાદો ક્યાં ઉતરવાની છે...નોકરી પૂરી થઈ છે સાહેબ,

પણ તમારી સેવા-કથા ક્યાં પૂરી થવાની છે...

આ પંક્તિઓ હિરેનભાઈની નિવૃત્તિના પ્રસંગે જાણે તેમના સમગ્ર સેવાકાળની કહાની કહી





રહી હતી. પોલીસની નોકરીમાં સમયનું કોઈ ચોક્કસ બંધન હોતું નથી. જ્યારે સામાન્ય માણસ આરામ કરતો હોય ત્યારે પોલીસ જાગતી હોય છે. તહેવારોમાં લોકો ઉજવણી કરતા હોય ત્યારે પોલીસ પોતાની ફરજ બજાવતી હોય છે. શહેર સૂતું હોય ત્યારે પોલીસ રસ્તા પર હોય છે. આ જ જાગૃતિ, આ જ જવાબદારી આવી અનેક ક્ષણો પાછળ પરિવારની સહનશીલતા અને સમજણ છુપાયેલી હોય છે.

આથી હિરેનભાઈની ૩૭ વર્ષની સેવાયાત્રામાં તેમના પરિવારનો ફાળો પણ એટલો જ મહત્વનો છે. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ હિરેનભાઈ સાથે તેમના સમગ્ર પરિવારને પણ હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.

પગલાંને અભિનંદન આપવાનો અવસર છે.અને જે હૃદયે વર્ષો સુધી ફરજને પ્રથમ સ્થાન આપ્યું છે, આજે એ હૃદયને સલામ કરવાનો દિવસ છે. પ્રસંગને અનુરૂપ કમરુભાઈએ સુંદર ગીતો ગાયા તો ફારુખ સૈયદે બેસ્ટ મંચ સંચાલન કર્યું હતું. વ્યક્તિની સાચી ઓળખ તેના વ્યવહારથી બને છે. હિરેનભાઈ સાથે વર્ષોથી જોડાયેલા





અને આ જ કર્તવ્યનિષ્ઠા હિરેન મચ્છર સાહેબે સતત ૩૭ વર્ષ સુધી પોતાના જીવનનો હિસ્સો બનાવી હતી.

**સન્માન એ કર્મોની કમાણી છે**

આ પ્રસંગે અનેક સાથીદારો અને અધિકારીઓએ હિરેનભાઈની કામગીરી અને તેમની સાથેના સંસ્મરણોને યાદ કર્યા. દરેક વક્તાના શબ્દો બાદ હોલમાં ગુંજેલી તાળીઓ જાણે હિરેનભાઈની વર્ષોની સેવાને સલામી આપી રહી હતી.

માન મળતું નથી માગવાથી,
માન મળે છે કર્મોથી...

અને હિરેનભાઈએ વર્ષો સુધી જે કર્મો કર્યા, એ જ આજે તેમના સન્માનનું કારણ છે. આ શબ્દો દ્વારા પ્રકાશ ભાવસારે હિરેનભાઈની સેવાયાત્રાને ભાવભીની શ્રદ્ધાંજલિરૂપ સલામી આપી હતી.

મિત્રો અને અધિકારીઓએ એક વાત પર ખાસ ભાર મૂક્યો કે, એક વ્યક્તિની સફળતા પાછળ માત્ર તેની પોતાની મહેનત નથી હોતી; તેની પાછળ પરિવારનું મૌન સમર્પણ પણ હોય છે.

પોલીસની ફરજ દરમિયાન પરિવારને ઘણી વખત ચિંતા રહેતી હોય છે. તહેવાર હોય કે પ્રસંગ, ફરજ સૌથી આગળ હોય છે. પરિવાર રાહ જોતો હોય અને પોલીસ કર્મચારી પોતાની ફરજમાં વ્યસ્ત હોય.

અધિકારીઓ અને સાથીદારોની લાગણીસભર વાતો

આ પ્રસંગે સચીન પોલીસ સ્ટેશનના પીઆઈ વાઘેલાજી, સચીન જી.આઈ.ડી.સી. ના કુલદીપજી, ગોડાદરા પીઆઈ ગોહિલજી, ભરૂચ પીઆઈ રાઠોડજી, મહીસાગરના પીએસઆઈ દેસાઈજી સહિત અનેક પોલીસ અધિકારીઓ અને મિત્રોએ હિરેનભાઈ સાથેના અનુભવો યાદ કરી તેમને શુભેચ્છા પાઠવી હતી.

હિરેનભાઈના એક મિત્ર તો મુંબઈથી ખાસ ૫૦ વર્ષની મિત્રતાની લાગણી લઈને આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. તેમની ઉપસ્થિતિએ કાર્યક્રમને વધુ ભાવુક અને યાદગાર બનાવી દીધો હતો.

મહેમાનોએ લાગણીપૂર્વક જણાવ્યું કે, જે હાથોએ વર્ષો સુધી ફરજની જવાબદારી નિભાવી છે, આજે એ હાથોને સન્માનિત કરવાનો અવસર છે.

જે પગલાં વર્ષો સુધી કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સતત ફર્યા છે, આજે એ

કપલેથાના સરપંચ શ્રી સુફિયાન ડેગીયા અને લાજપોરના ઈમરાનભાઈએ પણ પોતાના અનુભવો વ્યક્ત કરતાં જણાવ્યું કે વ્યક્તિની ઓળખ માત્ર તેની નોકરી કે હોદ્દાથી થતી નથી.

એક વ્યક્તિની સાચી ઓળખ તેના વર્તન, વ્યવહાર અને સમાજ સાથેના સંબંધોથી બને છે.

હિરેનભાઈએ પોતાની ફરજ દરમિયાન સાથી કર્મચારીઓ, અધિકારીઓ અને સામાન્ય લોકો સાથે જે આત્મીય સંબંધો જાળવ્યા હતા, તેની અનુભૂતિ તેમના નિવૃત્તિ સમારોહમાં ઉપસ્થિત લોકોની સંખ્યા અને લાગણીઓમાં સ્પષ્ટપણે જોવા મળી હતી. આ જ તો જીવનની સાચી કમાણી છે. પદ આવે છે અને જાય છે, વર્દી આવે છે અને ઉતરે છે, પરંતુ માણસે માણસના હૃદયમાં બનાવેલું સ્થાન વર્ષો સુધી જીવંત રહે છે.

હિરેન મચ્છર સાહેબના શબ્દોમાં ૩૭ વર્ષની સેવાયાત્રા

કાર્યક્રમના અંતિમ તબક્કે હિરેન મચ્છર સાહેબે પોતાના હૃદયની લાગણીઓ વ્યક્ત કરી હતી. ૩૭ વર્ષની સેવાયાત્રા દરમિયાનના અનુભવો, અનેક સંસ્મરણો, પડકારો અને લાગણીઓ જાણે તેમની વાતોમાંથી એક પછી એક જીવંત થઈ ઊઠ્યાં હતાં.

આજે તેઓ પોલીસની વર્દીમાં નહીં, પરંતુ એક પરિવારના સભ્ય, મિત્ર અને આપણા પોતાના હિરેનભાઈ તરીકે સૌની સામે ઊભા હતા.

તેમના શબ્દોમાં વર્ષોની ફરજની ગંભીરતા પણ હતી અને સાથીદારો તથા મિત્રો માટેનો પ્રેમ પણ હતો. તેમના ચહેરા પર સંતોષ હતો કે જીવનના એક મહત્વપૂર્ણ પડાવને તેમણે સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે.

**નિવૃત્તિ નહી, નવી ઇનિંગની શરૂઆત**

હવે હિરેનભાઈ માટે જીવનની નવી ઇનિંગ શરૂ થઈ રહી છે. હવે ડ્યૂટીના સમયપત્રક કરતાં પરિવાર માટે વધુ સમય હશે. હવે વાયરલેસના અવાજ કરતાં પરિવારના હાસ્યનો અવાજ વધુ સાંભળવા મળશે. હવે ફરજની દોડધામ કરતાં જીવનની સુંદર ક્ષણોને માણવાનો સમય મળશે.

અને કદાચ હવે તેઓ પોતાની જાત માટે પણ થોડો સમય કાઢી શકશે. કારણ કે, જીવનભર બીજાની સુરક્ષા માટે દોડનાર માણસને, હવે પોતાના પરિવાર સાથે ખુશીઓની સફર માણવાનો અધિકાર છે. આ પ્રસંગે સૌની એક જ હૃદયપૂર્વકની શુભકામના હતી.

હિરેનભાઈનું નિવૃત્ત જીવન સ્વસ્થ રહે, સુખી રહે, સંતોષભર્યું રહે, પરિવાર સાથે આનંદમય રહે અને જીવનની આ નવી ઇનિંગ વધુ સુંદર બને.

**અંતિમ સલામી**

ક્યારેક તડકામાં ઊભા રહ્યા,
ક્યારેક વરસાદમાં ફરજ બજાવી,
ક્યારેક પરિવારથી દૂર રહ્યા, પણ ફરજમાં ક્યારેય કમી ન આવી.

૩૭ વર્ષની આ કર્તવ્યનિષ્ઠ સેવાયાત્રા માટે પીએસઆઈ હિરેન મચ્છર સાહેબને દિલથી સલામ. સરકારી સેવામાંથી આજે તેમની ઘર વાપસી થઈ છે, પરંતુ તેમના સાથીદારોના હૃદયમાંથી તેમની વિદાય ક્યારેય નહીં થાય. વર્દી હવે ઉતરી ગઈ છે, પણ હિરેનભાઈનું વ્યક્તિત્વ અને તેમની સેવાઓની યાદો હંમેશા સાથીદારોના હૃદયમાં જીવંત રહેશે.

**અંતે નિવૃત્તિ બદલ હાર્દિક અભિનંદન...**

આગામી જીવન માટે અનંત શુભકામનાઓ... અને ૩૭ વર્ષની ગૌરવપૂર્ણ સેવા બદલ હૃદયપૂર્વક સલામ.

**-પ્રકાશ ભાવસાર**
**પ્રજા પંખ, સચીન**

## તંત્રી લેખ........

# ''ક્યારેક વિપત્તિ વરદાન બને છે''

પાંડવો વનવાસી જીવન પસાર કરી રહ્યા હતા. શ્રી વ્યાસજીની પ્રેરણાથી અર્જુન પોતાના ભાઈઓની આજ્ઞા લઈ તપસ્યા કરવા ગયા. અર્જુને તપ કરી ભગવાન શંકર પાસેથી પાશુપતાસ્ત્ર મેળવ્યું. તે દરમ્યાન દેવરાજ ઈન્દ્ર અર્જુનને પોતાના રથમાં બેસાડી સ્વર્ગલોક લઈ ગયા. આમેય અર્જુન ઈન્દ્રના અંશથી કુંતીના ગર્ભથી જન્મેલો પોતાનો જ પુત્ર હતો. તેમણે તથા ત્યાંના લોકપાલોએ અર્જુનને દિવ્યાસ્ત્રો આપ્યા. સ્વર્ગમાં અર્જુનને જોઈને અપ્સરા ઉર્વશી મોહિત થઈ ગઈ. ઈન્દ્રએ આ વાત જાણી. તેમણે અર્જુન સાથે જવાની રજા આપી.

એક સાંજે ઉર્વશી ભરપૂર શ્રૃંગાર કરીને અર્જુનના નિવાસસ્થાને હાજર થઈ. ઉર્વશીને એમ હતું કે તેનું અફાટ સૌંદર્ય જોઈ અર્જુન ચલિત થઈ જશે. પણ ઉર્વશીને જોતાં જ અર્જુને કહ્યું ''માતા! આપ આ સમયે? અહીં? હું આપની શું સેવા કરૂં?'' ઉર્વશી સ્તબ્ધ થઈ ગઈ. તેણે સીધી જ વાત કરી.

''પાર્થ હું તારા પર મોહિત થઈ છુ. હું કોઈની માતા, બહેન કે પત્ની નથી. અપ્સરા છું. તું મારો સ્વીકાર'' આવું સાંભળીને અર્જુને કહ્યું ''યથા કુંતી ચ માદ્રી ચ શચી ચૈવ...'' હે માતા, મારી દ્રષ્ટિમાં કુંતી, માદ્રી અને શચીનું જે સ્થાન છે, એ જ તમારૂં છે. તમે પુરૂવંશની માતા હોવાથી આજે મારા માટે માતૃસ્વરૂપે પરમ ગુરૂસ્વરૂપ છો.'' (મહાભારત. વનપર્વ ૪૬-૪૬)

ઉર્વશીને આવી અપેક્ષા નહોતી. આજ સુધી કોઈ ઋષિ મુનિએ પણ તેનું આવું અપમાન, આવો તિરસ્કાર કર્યો નહોતો. તે છંછેડાઈ ગઈ. તેણે અર્જુનને શાપ આપ્યો.''તસ્માત ત્વં નર્તન : પાર્થ,.....ષણ્ઢવત, વિચરિષ્ય સિ... (૪૬-૫૦) હે પાર્થ, તે એક નપુંસકની માફક મારો અસ્વીકાર કર્યો છે એટલે તારે સ્ત્રીઓની વચ્ચે અપમાનજનક રીતે એક નર્તક બનીને રહેવું પડશે. તારો સઘળો આચાર-વ્યવહાર એક હીજડા જેવો દેખાશે.'' ઉર્વશી શાપ આપી પગ પછાડતાં જતી રહી. અર્જુન ધારત તો તેના અન્યાયપૂર્વક દીધેલા શાપ સામે ભયંકર શાપ આપી શકત. છતાં તે શાંત રહ્યો. તેણે ઉર્વશીને જતી વખતેય હાથ જોડી પ્રણામ કર્યા. આ વાતની ખબર ઈન્દ્રને પડી. દેવરાજ ઈન્દ્ર અર્જુનની સંયમશક્તિ પર પ્રસન્ન થઈ ગયા. તેમણે અર્જુનને આશ્વાસન આપતાં કહ્યું 'યત તું દત્તવતી શાપમુર્વશી..... તાત સાધકસ્ય ભવિષ્યતિ'' (૪૬-૫૭)

''હે મહાબાહો, ઉર્વશીએ તને દુ:ખી કરવા માટે જે શાપ આપ્યો છે, તે ભવિષ્યમાં તારા માટે વરદાન સાબિત થશે.'' આગળની કથા એવી છે કે પાંડવોનો વનવાસ પૂરો થયો. હવે અજ્ઞાતવાસનું એક વરસ પસાર કરવાનું હતું. ત્યારે ઉર્વશીનો આપેલો શાપ અર્જુનને કામ લાગ્યો. તેણે પોતાનું નામ બૃહન્નલા ધારણ કર્યું. તે રાજા વિરાટની રાજકુમારી ઉત્તરાને નૃત્ય અને ગીત શીખવાડતો રહ્યો. તેના હાવભાવના નરના ના નારીના દેખાતા. છતાં તે સૌથી વચ્ચે વિવેકથી રહ્યો.

સંસ્કાર પ્રત્યે જાગ્રત અર્જુનને આવા અન્યાયી શાપનો ધારદાર રોમાંચ માણવો પણ ગમતો હતો. એની નસોમાં દાખલ થતા પડકારનો આછેરો કંપ પણ તેના લોહીમાં ગરમાવો લાવી દેતો. ક્યારેક વિધાતા કોઈની બદદુઆના કડવા શબ્દો મારફતે વરદાનનું વાવેતર કરી દેતા હોય છે. જ્યારે એ વરદાનનાં ખટ્ટમીઠાં ફળનો સ્વાદ ચાખવા મળે ત્યારે માણસને ઈશ્વરકૃપાનો મતલબ સમજાય છે. ત્યારે અંતર્યામીની એક ઝલક જોવા મળે છે.

પરીક્ષિત રાજા માટે શ્રૃંગીઋષિનો શાપ મુક્તિનું વરદાન સિધ્ધ થયો. પિતાના ખોળામાં બેસતાં અટકાવનાર અપરમાસુ રૂચિના કડવાં વેણ બાળક ધ્રુવ માટે અસહનીય હતાં. છતાં એજ દુ:ખદાયક શબ્દોએ તેને તપ કરવા પ્રેર્યો. અને પિતાના ખોળા કરતાંય ઉચ્ચ પરમપ્રભુના ખોળામાં બેસવાની યોગ્યતા પ્રાપ્ત કરી. ધ્રુવ માટે અસહનીય વિપત્તિ છેવટે વરદાન સાબિત થઈ. આપણે સિધ્ધિનું જેટલું મહિમાગાન કરીએ છીએ એટલું તેની પાછળ ઘૂંટાયેલી એકધારી મહેનતનું કરતા નથી. ગમે તેવી વિપત્તિ મહેનત વગર દૂર થતી નથી. ઈશ્વર તેને જ સહાય કરે છે જે મહેનત કરે છે, જાત ઘસે છે. દીવાની સળીની ટોચ કાળી હોય છે પણ તે ઘસાયા વગર અજવાળાનો વેશ ધારણ કરી શકતી નથી. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે.અબ્દુલ કલામના જીવનનું એક સ્વપ્ન હતું. વાયુસેનામાં ભરતી થવાનું. તેમણે ઘણા પ્રયત્ન કર્યા પણ તેમની પસંદગી ના થઈ. તે માનસિક રીતે અશાંત થઈ ગયા. એકલા રહેવા લાગ્યા. મનને ચેન પડતું નહોતું. શાંતિની શોધમાં તે સ્વામી શિવાનંદના આશ્રમમાં ગયા. સ્વામી શિવાનંદ તેમનું વ્યક્તિત્વ જોઈને પ્રભાવિત થયા.

# વજન વધુ છે તો બેરિયાટ્રિક સર્જરી કરાવવી કેટલી યોગ્ય?



-ડો. અમૃતા જાદવ ચાંપાનેરીયા
Email.-jadav.amruta@gmail.com

આજના સમયમાં વધતું વજન અને સ્થૂળતા માત્ર દેખાવની સમસ્યા નથી, પરંતુ તે ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર, હૃદયરોગ, સ્લીપ એપ્નિયા, સાંધાના દુખાવા અને અન્ય અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓનું જોખમ વધારી શકે છે. જ્યારે ડાયેટ, કસરત અને અન્ય સારવારથી પૂરતું વજન ઘટતું ન હોય, ત્યારે કેટલાક લોકો માટે બેરિયાટ્રિક સર્જરી એક અસરકારક વિકલ્પ બની શકે છે.

**બેરિયાટ્રિક સર્જરી શું છે?**

બેરિયાટ્રિક સર્જરી એવી સર્જરી છે જેમાં પેટનું કદ ઘટાડવામાં આવે છે અથવા પાચનતંત્રમાં ફેરફાર કરવામાં આવે છે, જેથી વ્યક્તિ ઓછું ખાય, વહેલું પેટ ભરેલું લાગે અને લાંબા ગાળે વજન ઘટાડવામાં મદદ મળે.

**કોને સર્જરીની જરૂર પડી શકે?**

દરેક વધારે વજન ધરાવતી વ્યક્તિને બેરિયાટ્રિક સર્જરીની જરૂર નથી. સામાન્ય રીતે BMI, ઉંમર, અન્ય બીમારીઓ અને અગાઉ કરવામાં આવેલા વજન ઘટાડવાના પ્રયાસોને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવે છે. ખાસ કરીને ખૂબ વધારે BMI હોય અથવા obesity સાથે ડાયાબિટીસ, હાઈ BP, સ્લીપ એપ્નિયા જેવી ગંભીર સમસ્યાઓ હોય ત્યારે સર્જરીનો વિચાર કરી શકાય છે.

**સર્જરીના ફાયદા-** બેરિયાટ્રિક સર્જરીથી નોંધપાત્ર વજન ઘટાડવામાં મદદ મળી શકે છે. કેટલાક દર્દીઓમાં ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, સ્લીપ એપ્નિયા અને સાંધા પર પડતો વધારાનો ભાર પણ ઘટી શકે છે. પરિણામે રોજિંદી જીવનની ગુણવત્તામાં સુધારો થઈ શકે છે.

**શું સર્જરી સંપૂર્ણ ઉકેલ છે?-** ના. સર્જરી વજન ઘટાડવામાં મદદ કરે છે, પરંતુ તે જાદુઈ ઉપાય નથી. સર્જરી પછી પણ યોગ્ય આહાર, નિયમિત શારીરિક પ્રવૃત્તિ, જરૂરી vitamin-mineral supplements અને નિયમિત તબીબી follow-up ખૂબ જ જરૂરી છે.

**જોખમો પણ સમજવા જરૂરી-** દરેક સર્જરીની જેમ બેરિયાટ્રિક સર્જરીમાં પણ bleeding, infection, blood clot, nutrient deficiency અને અન્ય complications નું જોખમ હોઈ શકે છે. તેથી યોગ્ય તપાસ કર્યા પછી અનુભવી bariatric surgeon અને multidisciplinary medical team સાથે નિર્ણય લેવો જોઈએ.

એટલે અંતે વજન વધારે છે એટલે તરત બેરિયાટ્રિક સર્જરી એવું માનવું યોગ્ય નથી. યોગ્ય દર્દીમાં, યોગ્ય સમયે અને યોગ્ય medical evaluation બાદ કરવામાં આવે તો બેરિયાટ્રિક સર્જરી obesity અને તેની સાથે જોડાયેલી ગંભીર સમસ્યાઓના નિયંત્રણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

**ડાયેટ, કસરત અને અન્ય સારવારથી પૂરતું વજન ઘટતું ન હોય, ત્યારે કેટલાક લોકો માટે બેરિયાટ્રિક સર્જરી એક અસરકારક વિકલ્પ બની શકે છે.**

## સ્વ. ગીરીબાલાબેન રજનીકાંત શાહ પરિવાર તરફથી શાળાને ટીવી સેટની ભેટ

**પ્રજા પંખ ગાંધીનગર :** સ્વ. ગીરીબાલાબેન રજનીકાંત શાહ ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે નંદનવન અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા, સેક્ટર-૧૩, ગાંધીનગરના બાળકો દ્વારા ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.સ્વ. ગીરીબાલાબેનના પરિવાર દ્વારા શાળાના બાળકો નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શૈક્ષણિક અને મનોરંજનના હેતુથી ગીરીબાલાબેનના પરિવાર તરફથી



શાળાને ટીવીની ભેટ આપવામાં આવી હતી. શાળા પરિવાર દ્વારા તેમના પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવેલ.

## કામરેજમાં ડુંગરા આશ્રમશાળામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી

કામરેજ-સુરતના કામરેજ તાલુકામાં વિશ્વ આદિવાસી દિવસની ઉમળકાભેર ઉજવણી કરવામાં આવી હતી. ડુંગરા આશ્રમશાળા ખાતે કામરેજ તાલુકા



હળપતિ આદિવાસી સમાજ દ્વારા ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાંઆવ્યુંહતું.કાર્યક્રમમાંમોટી સંખ્યામાં આદિવાસી સમાજના આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

એક સંકલ્પ... જે બદલી શકે છે કરોડો જીવન

# સચિનમાં બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા ૩૧૦ કરોડ નશામુક્તિ પ્રતિજ્ઞા મહાઅભિયાન નો પ્રારંભ

## ૬ થી ૨૦ ઓગસ્ટ સુધી રાષ્ટ્રવ્યાપી અભિયાન : સચિનમાં યુવાનો, શાળાઓ, સંસ્થાઓ અને દરેક પરિવારને જોડવાનો પ્રયાસ






**પ્રજા પંખ, સચિન :** નશાની વધતી જતી પ્રવૃત્તિ આજે યુવા શક્તિ, પરિવાર અને સમગ્ર સમાજ સામે એક ગંભીર પડકાર બની રહી છે. નશાની લત વ્યક્તિના સ્વાસ્થ્યની સાથે તેના શિક્ષણ, કારકિર્દી, પરિવાર અને સમગ્ર ભવિષ્યને પણ અસર કરે છે. આવા સમયે માત્ર કાયદો કે સારવાર જ નહીં, પરંતુ જનજાગૃતિ, આત્મબળ, સકારાત્મક વિચારસરણી અને સમાજની સક્રિય ભાગીદારીથી જ નશામુક્ત સમાજનું નિર્માણ શક્ય છે.

આ જ ઉદ્દેશ સાથે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સચિનના બ્રહ્માકુમારી હોલી પેલેસ દ્વારા ૩૧૦ કરોડ નશામુક્તિ પ્રતિજ્ઞા મહાઅભિયાનને સચિન અને આસપાસના વિસ્તારોમાં જન-જન સુધી પહોંચાડવા માટે વ્યાપક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના ૩નશા મુક્ત ભારત અભિયાન તથા નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) ના સહયોગાત્મક જનજાગૃતિ પ્રયાસોના અનુસંધાનમાં આ રાષ્ટ્રવ્યાપી અભિયાન ૬ ઓગસ્ટથી ૨૦ ઓગસ્ટ ૨૦૨૬ સુધી ચાલી રહ્યું છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ દેશભરમાં ૧૦ કરોડ નાગરિકોને નશામુક્ત જીવન જીવવાની પ્રતિજ્ઞા લેવડાવવાનો છે.

સચિનમાં બ્રહ્માકુમારી સંસ્થાની બી.કે. સવિતા દીદી અને બી.કે. રીના દીદીના માર્ગદર્શન હેઠળ આ અભિયાનને વ્યાપક જનભાગીદારીનું સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. સવારે ૫ વાગ્યાથી સચિન તેમજ આસપાસના ગામો, શાળાઓ, એનજીઓ, આરસીસી યોગ ક્લબ, મહિલા મંડળો, ગાર્ડન, ઔદ્યોગિક એકમો તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓ અને ઘરો સુધી પહોંચીને લોકોને નશામુક્તિની પ્રતિજ્ઞા લેવા માટે બીકે જયશ્રીદીદી દ્વારા પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

આ મહાઅભિયાનમાં રોટરી ની આર. સી. સી. સચિન સહિત વિવિધ સામાજિક સંસ્થાઓ, શાળાઓ, મહિલા મંડળો, એનજીઓ તથા સામાજિક આગેવાનો પણ સહયોગ આપી રહ્યા છે.

**યુવાનોને નશાથી દૂર કરી આત્મબળ સાથે જોડવાનો પ્રયાસ**

આ અભિયાનનું વિશેષ ધ્યાન યુવા શક્તિ પર કેન્દ્રિત કરવામાં આવ્યું છે. યુવાનોને નશાના શારીરિક, માનસિક, સામાજિક અને પારિવારિક દુષ્પરિણામો અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે અને તેમને સ્વસ્થ, સંસ્કારી, સકારાત્મક તથા જવાબદાર નાગરિક બનવા માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

અભિયાન અંતર્ગત માત્ર નશામુક્તિની પ્રતિજ્ઞા જ નહીં, પરંતુ રાજયોગ ધ્યાન, આધ્યાત્મિક જાગૃતિ, સકારાત્મક વિચારસરણી અને સામૂહિક જનજાગૃતિ જેવી પ્રવૃત્તિઓ દ્વારા લોકોને નશાથી દૂર રહેવા માટે આત્મબળ પૂરું પાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

બી. કે. સવિતા દીદી અને બી. કે. રીના દીદીના જણાવ્યા મુજબ, નશામુક્ત ભારતનું નિર્માણ માત્ર કાયદાથી શક્ય નથી. તેના માટે દરેક નાગરિકમાં જાગૃતિ, આત્મવિશ્વાસ, આત્મબળ અને સકારાત્મક વિચારસરણીનો વિકાસ જરૂરી છે. એક વ્યક્તિ દ્વારા લેવાયેલો નશામુક્તિનો સંકલ્પ તેના પરિવાર, સમાજ અને આવનારી પેઢીઓના જીવનમાં પણ સકારાત્મક પરિવર્તનની શરૂઆત બની શકે છે.

**દરેક ઘર સુધી પહોંચે નશામુક્તિનો સંદેશ**

બ્રહ્માકુમારી સંસ્થાનું આ અભિયાન માત્ર પ્રતિજ્ઞા કાર્યક્રમ પૂરતું સીમિત નથી, પરંતુ જન-જનને જોડતું રાષ્ટ્રવ્યાપી જનઆંદોલન છે. સચિનમાં પણ આ અભિયાનનો સંદેશ દરેક શાળા, ગામ, સામાજિક સંસ્થા અને દરેક ઘર સુધી પહોંચે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ભારતની યુવા શક્તિ વિકસિત ભારતની સૌથી મોટી મૂડી છે. જો આજનો યુવાન નશાથી દૂર રહીને સ્વસ્થ શરીર, સકારાત્મક વિચારો અને શ્રેષ્ઠ સંસ્કારો સાથે આગળ વધશે, તો તે પોતાના જીવનની સાથે પરિવાર, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપી શકશે.

આ અભિયાન બ્રહ્માકુમારી સંસ્થાની પૂર્વ મુખ્ય પ્રશાસિકા રાજયોગિની દાદી પ્રકાશમણિજીની ૧૯મી પુણ્ય સ્મૃતિને સમર્પિત છે. દાદીજીનું સમગ્ર જીવન આધ્યાત્મિક જાગૃતિ, માનવસેવા અને સમાજમાં સકારાત્મક પરિવર્તન માટે સમર્પિત રહ્યું હતું.

દેશના ૨૮ રાજયો, ૮ કેન્દ્રશાસિત પ્રદેશો અને આશરે ૮૦૦ જિલ્લાઓમાં આ અભિયાનને વ્યાપક સ્તરે આગળ ધપાવવામાં આવી રહ્યું છે. સચિનમાં પણ બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા નાગરિકોને આ મહાઅભિયાન સાથે જોડાઈ નશામુક્ત ભારતના નિર્માણમાં પોતાની સક્રિય ભાગીદારી નોંધાવવા અપીલ કરવામાં આવી છે.

## બીકે દ્વારા યુવાનોને સીધી અપીલ...

**દોસ્તો... તમારું ભવિષ્ય તમારા હાથમાં છે!**
**નશો તમને થોડા સમય માટે આનંદ આપી શકે, પરંતુ તમારી આરોગ્ય, કારકિર્દી, પરિવાર અને સપનાઓ તમારી પાસેથી છીનવી શકે છે.**
**તમારી અંદર કંઈક બનવાની શક્તિ છે...**
**તમારી અંદર તમારા પરિવારનું ભવિષ્ય બદલવાની શક્તિ છે...**
**તમારી અંદર દેશને આગળ લઈ જવાની શક્તિ છે.**
**તો પછી નશાને શા માટે તક આપવી?**
**આવો... આજે જ એક સંકલ્પ કરીએ**
**'નશો નહી કરું...**
**નશો કરનાર મિત્રને પણ નશાથી દૂર કરીશ...**
**મારા પરિવાર અને મિત્રો સુધી નશામુક્તિનો સંદેશ પહોંચાડીશ...**
**સકારાત્મક જીવનશૈલી અને આત્મબળને અપનાવીશ...**
**નશામુક્ત ભારતના નિર્માણમાં મારું યોગદાન આપીશ.'**
**યાદ રાખો...**
**નશો છોડવો એ માત્ર એક આદત છોડવી નથી, પરંતુ પોતાના સપનાઓને ફરીથી જીવંત કરવાની શરૂઆત છે.**
**આવો યુવાનો... સંકલ્પ લઈએ!**
**હું નશો નહી કરું... બીજાને પણ કરવા નહી દઉં!**
**નશામુક્ત યુવા ' સશક્ત પરિવાર ' સ્વસ્થ સમાજ ' વિકસિત ભારત**
**આજે તમારો એક સંકલ્પ...**
**કાલે કરોડો યુવાનોની નવી ઓળખ બની શકે છે.**

# શાળા ક્રમાંક ૨૯૫ માં કાનૂની જાગૃતિ શિબિરનું આયોજન કરાયું




**પ્રજા પંખ સુરતઃ** નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત શ્રી રતુભાઈ મૂળશંકર અદાણી પ્રાથમિક શાળા ક્રમાંક ૨૯૫ માં સુરત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અને જિલ્લા અદાલત ના સંયુક્ત ઉપક્રમે પીએલવી શ્રી કિરીટભાઈ ડી સાવલિયા ની અધ્યક્ષતામાં કાનૂની જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું, શાળાના મુખ્ય શિક્ષક, ધોરણ ૬ થી ૮ ના શિક્ષક મિત્રો અને ધોરણ ૬ થી ૮ ના ૪૦૨ જેટલા બાળકો પ્રાર્થના હોલમાં ભેગામળી વંદેમાતરમ નું ગાન કર્યું . શાળાના મુખ્ય શિક્ષક પંકજભાઈ ત્રિવેદી દ્વારા શ્રી કિરીટભાઈ સાવલિયાજીનું શાબ્દિક અને શાળાની પરંપરા ને અનુકૂળ તુલસીનો છોડ અર્પણ કરી આવકારવામાં આવ્યા, શાળા વિશે અવગત કરાવ્યા બાદ આગળના કાર્યક્રમનું સંચાલન સાવલિયાજીને સોંપવામાં આવ્યું.

શ્રી કિરીટભાઈ સાવલિયા દ્વારા અત્યારની તાજી જરૂરિયાત બેટી બચાવો બેટી પઢાવો ને ધ્યાને લઈ કન્યાઓની સલામતી મફત કાનૂની સહાય મેળવવા માટેના સંપર્કો, જાતીય ગુનાઓથી બાળકોનું રક્ષણ કાયદો ૨૦૧૨, બાળ અધિકારો, ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ સુરત ની ભૂમિકા, સાઇબર ક્રાઇમ અને તેનો નિવારણ જેવા મુદ્દાઓ પર ઊંડાણ પૂર્વક માહિતી આપી. બાળકો બાળકો સાથે પ્રશ્નોત્તરી અને ચર્ચા કરી શિબિર ને સંપૂર્ણ જ્ઞાનવર્ધક અને માહિતીસભર બનાવવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રાજેન્દ્રભાઈ પંચાલ અને દીપિકાબેન પરમાર દ્વારા કરવામાં આવ્યું. અંતે સવ રાષ્ટ્રગાન કરી છૂટા પડ્યા.

## GPSCની પ્રિલિમિનરી પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ

ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા વર્ગ-૧ અને ૨ની ૩૪ જગ્યાઓ માટેની પ્રિલિમિનરી પરીક્ષા આજે રાજયભરમાં શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી.

૧ લી ઓગસ્ટે ભારે વરસાદને કારણે બે વખત મોકૂફ રખાયેલી આ પરીક્ષામાં ૫૦ હજારથી વધુ ઉમેદવારો હાજર રહ્યા હતા. અમદાવાદના ૧૫૫ કેન્દ્રો પર ૩૭ હજારથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. ૧૦૦ GPSCનું આ પેપર લાંબુ અને અઘરું લાગ્યું હતું.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ગ-૧ અને વર્ગ-૨ની વિવિધ ૩૪ જેટલી જગ્યાઓ માટેની પ્રિલિમિનરી પરીક્ષા આજે શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ ગઈ છે.

નોંધનીય છે કે, અગાઉ ૧લી ઓગસ્ટના રોજ યોજાનારી આ કસોટી ભારે વરસાદ અને હવામાન વિભાગની આગાહીને પગલે બે વખત મોકૂફ રાખવાની ફરજ પડી હતી.

**आज प्रजा पंख मे.....**

### आँखे



डूबा आँखो की ख़ूबसूरती में
दुनिया को में भूल गया,
अदा है इन पलकों की
उलझा के मुझको रख दिया !

गुस्ताखी ये आँखे करे
सजा हमे भुगतना पड़े,
मय का जादू इन आँखो में
नशा जो हम को कराये !

करिश्मा इन आँखो का
देखने ये दिल तरसे ,
क़ाबू में कैसे रखें ख़ुदको
ज़ालिम हरदम घायल करे !

समा बनाती आँखे
मन में हलचल कराती,
अदा ऐसी इन आँखो की
चाहत में मेरे आग लगाती !!

–अश्विन, अटपटा

આંબા ગામના સ્વ. મધુભાઈ સાવજનું નેત્રદાન : બે જીવનમાં પાથરાશે ઉજાસ

# લીલીયા-લાઠી લોકદ્રષ્ટિ નેત્રદાન અને નેત્ર સુરક્ષા સમિતિના પ્રયાસોને વધુ એક સફળતા ડો. જયંતિભાઈ કુંભાણી દ્વારા નેત્રદાન સ્વીકારાયું

**પ્રજા પંખ આંબા (તા. લીલીયા, જિ. અમરેલી)** :ભારતીય સંસ્કૃતિમાં દાનનું વિશેષ મહત્વ છે. જીવનના અંતિમ પડાવ બાદ પણ કોઈના જીવનમાં ઉજાસ પાથરાય તેનાથી મોટું માનવતાનું કાર્ય બીજું શું હોઈ શકે? આ ભાવનાને સાકાર કરતાં આંબા ગામના સ્વ. મધુભાઈ માધાભાઈ સાવજ (ઉંમર ૭૦ વર્ષ)ના અવસાન બાદ તેમના પરિવારજનોએ માનવતાની અનોખી મિસાલ કાયમ કરતાં તેમના નેત્રોનું દાન કરવાનો નિર્ણય લીધો હતો. સ્વ. મધુભાઈ સાવજના અવસાન અંગે પરિવારજનો દ્વારા લીલીયાના ડો. જયંતિભાઈ કુંભાણીને જાણ કરવામાં આવતા ડો. જયંતિભાઈ કુંભાણી તથા વિજયભાઈ ભાલાળા (તા.પં. સભ્ય) આંબા ગામે પહોંચ્યા હતા અને પરિવારજનોની સંમતિથી નેત્રદાન સ્વીકારવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે સ્વ. મધુભાઈ સાવજના પુત્ર અનિતભાઈ મધુભાઈ સાવજ (ગ્રામ પંચાયત સભ્ય, આંબા), પુત્ર અલ્પેશભાઈ મધુભાઈ સાવજ, પૌત્ર કુંજ અનિતભાઈ સાવજ સહિત પરિવારજનો, સ્વજનો, પાડોશીઓ તથા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ભુપતભાઈ પોપટભાઈ સાવજ, અલ્પેશભાઈ ધનજીભાઈ સાવજ, ગોરધનભાઈ નાથાભાઈ સાવજ, ભરતભાઈ બચુભાઈ સાવજ, પ્રવીણભાઈ પુનાભાઈ રાદડિયા, ધનશ્યામભાઈ મગનભાઈ પીપળીયા, જીગ્નેશભાઈ મનસુખભાઈ સાવજ (જી.પ. સભ્ય), રાકેશભાઈ માંદલીયા, વિશાલભાઈ વીજુડા અને કુલજીભાઈ ઠુંમર સહિત આંબા ગામના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



નેત્રદાન સ્વીકારીને નેત્રદાતા પરિવારને ભાવાંજલિ પત્રક અર્પણ કરવામાં આવ્યું હતું. પરિવારજનોએ સ્વ. મધુભાઈ સાવજના નેત્રોનું દાન કરી સમાજ માટે પ્રેરણાદાયી અને માનવતાભર્યું કાર્ય કર્યું હતું.

બાપાના નેત્રો બે કરતાં વધુ લોકોના જીવનમાં ઉજાસ પાથરશે

લોકદ્રષ્ટિ ચક્ષુબેન્ક, સુરતના પ્રમુખ ડો. પ્રફુલ્લભાઈ શિરોયાએ જણાવ્યું હતું કે, ભારતની સંસ્કૃતિમાં દાનનું ખૂબ જ મહત્વ છે. સોળ સંસ્કાર બાદનો આ સત્તરમો નેત્ર સંસ્કાર છે. સ્વ. મધુભાઈ માધાભાઈ સાવજના નેત્રદાન થકી બે કરતાં વધુ વ્યક્તિઓના જીવનમાં ઉજાસ પાથરાશે. તેમના નેત્રો અમર બનશે અને આ નેત્રદાન તેમના જીવનની સાચી શ્રદ્ધાંજલિ બની રહેશે. તેમણે નેત્રદાન કરનાર સાવજ પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. લોકદ્રષ્ટિ ચક્ષુબેન્ક, સુરતના ટ્રસ્ટીઓ તેમજ લીલીયા-લાઠી લોકદ્રષ્ટિ નેત્રદાન અને નેત્ર સુરક્ષા સમિતિ દ્વારા નેત્રદાતા સ્વ. મધુભાઈ સાવજને કોટિ કોટિ વંદન સાથે હાર્દિક શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

**નેત્રદાનની જાગૃતિથી અંધત્વ દૂર કરવાનો સંકલ્પ**-આ વિસ્તારના લોકોને નેત્રદાન અંગે જાગૃત કરવાના પ્રયાસોમાં ડો. પ્રફુલ્લભાઈ શિરોયા, લોકદ્રષ્ટિ ચક્ષુબેન્ક સુરતના ઉપપ્રમુખ દિનેશભાઈ જોગાણી, ડો. જયંતિભાઈ કુંભાણી તથા વિજયભાઈ ભાલાળા (તા.પં. સભ્ય) દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે, માનવી જાગૃત થઈને લોકઉપયોગી અને માનવતાના કાર્યોમાં સહયોગ આપે તો સમાજમાં સાચા અર્થમાં રામરાજ્યની સ્થાપના થઈ શકે. નેત્રદાન અંગેની જાગૃતિના આ અભિયાનના પરિણામે હવે આસપાસના અનેક ગામોમાંથી પણ નેત્રદાન માટે લોકો આગળ આવી રહ્યા છે. ભારતમાં અનેક લોકો આંખની કાળી કીકી સંબંધિત અંધત્વનો સામનો કરી રહ્યા છે. મૃત્યુ બાદ નેત્રદાન થકી આવા જરૂરિયાતમંદ લોકોના જીવનમાં પ્રકાશ લાવવાનો અવસર મળે છે. તેથી દરેક વ્યક્તિએ જીવનના અંતિમ સંસ્કારની સાથે નેત્રદાન, દેહદાન અને અંગદાન જેવા મહાદાન અંગે પણ જાગૃત થવું જોઈએ જીતે જીતે રક્તદાન, જાતે જાતે નેત્રદાન, દેહદાન અને અંગદાન ઉત્તમ દાન.

પ્રજાપંખ
ગુજરાતી સાપ્તાહિક- સુરત

**આપનાં પરિવારનો સભ્ય એટલે પ્રજાપંખ અખબાર, જેમાં તરો તાજા સમાચાર સાથે રહો અપડેટ, ચાય કી ચુસ્કી સાથે પ્રજા પંખનાં ઉત્તમ વિચારશિલ લેખોના વાંચનથી તન-મન રહે સ્વસ્થ્ય, પ્રજા પંખમાં તટ્સ્થ, નિર્ભિક સેવાકિય સમાચારોને સ્થાન, પ્રજા પંખ એટલે સંપુર્ણ સ્વસ્થ્ય વર્ધક મજબુત વિચાર ધરાવતું લોકપ્રિય અખબાર. . . .**

આપ આપના આસપાસની સામાજિક, રાજકરણી, સાંસ્કુતિક કે ધાર્મિક પ્રોગ્રામ કે પછી અચાનક બનતી અન્ય ઘટનાઓની જાણ કરો, ઉપરાંત બર્થડે, બેસણું તેમજ તહેવારોમાં આપ આપની ધંધાકિય નાની - મોટી કે ટચુકડી જાહેરાત આપો તથા ઘર સુધી પ્રજાપંખ પેપર મેળવવા વોટ્સએપ પર જાણ કરો.

**ખાસ ચેતવણી :**

**લોકપ્રિય પ્રજાપંખ અખબાર દ્વારા કોઇ પણ વ્યક્તિ, સંસ્થા કે સંગઠનને ઓર્થોરાઇઝડ કે પ્રતિનિધિ તરીકે નિમણુંક આપેલ નથી, જેથી આપને ત્યાં કોઇ પણ વ્યક્તિ આવીને, પ્રજાપંખના નામથી જાહેરાત કે અન્ય કોઇ નાણાંકિય વ્યવહાર કરે તેની જવાબદારી પ્રજાપંખની રહેશે નહી, માટે આવા ઉપરોક્ત પ્રકારની ચર્ચા કોઇ કરે તો આપ પહેલા સીધા તંત્રી તથા મેનેજીંગ તંત્રી સાથે રુબરુ કે ટેલિફોનિક ચર્ચા કરી લેવી....**

Praja Pankh
prajapankh
YouTube prajapankh
99980 61470, 93747 20143
@prajapankh
prajapankh@gmail.com



સંપર્ક
મિતલ ભાવસાર- ૯૯૯૮૦૬૧૪૭૦
પ્રકાશ ભાવસાર- ૯૩૭૪૭૨૦૧૪૩

# ઉંબર ગામે રૂ.૨.૨૮ કરોડથી વધુના ખર્ચે સાકાર થયેલા નવા શાળા ભવનનું લોકાર્પણ

## સમગ્ર શિક્ષા અંતર્ગત સુરત મનપા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વિવિધ શાળા ભવનોના લોકાર્પણ-ખાતમુહૂર્તનો સામૂહિક કાર્યક્રમ યોજાયો ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈએ ઉંબરની શાળાની મુલાકાત લઈ શૈક્ષણિક સુવિધાઓનું નિરીક્ષણ કર્યું





**સચિન, પ્રજાપંખ દ્વારા** :સુરત મહાનગર વિસ્તારમાં સમગ્ર શિક્ષા અંતર્ગત સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની વિવિધ શાળાઓના નવા ભવનના લોકાર્પણ તથા ખાતમુહૂર્તનો ભવ્ય સામૂહિક કાર્યક્રમ ભારત સરકારના માનનીય મંત્રીશ્રી સી.આર. પાટીલ સાહેબના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ સમગ્ર વિકાસલક્ષી કામગીરી અંતર્ગત સુરત શહેરમાં કુલ રૂ.૩૪૧૩ લાખથી વધુના ખર્ચે વિવિધ શાળા ભવનોનું નિર્માણ અને વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે.

આ વિકાસકાર્યોના ભાગરૂપે ચોર્યાસી વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં. ૩૦ (કનસાડ-સચિન-ઉન-આભવા) ના ઉંબર ગામે રૂ.૨૨૮ લાખથી વધુના ખર્ચે સાકાર થયેલા આધુનિક શાળા ભવનનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

લોકાર્પણ પ્રસંગે ચોર્યાસી વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈએ ઉંબર ગામની શાળાની મુલાકાત લઈ નવા શાળા ભવનની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે શાળામાં અભ્યાસ કરતા બાળકોને વધુ સારી, સુરક્ષિત અને આધુનિક શૈક્ષણિક સુવિધાઓ મળી રહે તે દિશામાં થઈ રહેલા વિકાસકાર્યોની પ્રશંસા કરી હતી.

નવું શાળા ભવન વિદ્યાર્થીઓ માટે માત્ર શિક્ષણનું સ્થળ નહીં પરંતુ તેમના સર્વાંગી વિકાસનું કેન્દ્ર બને અને ગ્રામ્ય વિસ્તારના બાળકોને પણ શહેર કક્ષાની આધુનિક શૈક્ષણિક સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે સરકાર તથા સ્થાનિક સ્વરાજય સંસ્થાઓ દ્વારા થઈ રહેલા પ્રયાસોને આ પ્રસંગે આવકારવામાં આવ્યા હતા.

લોકાર્પણ પ્રસંગે વોર્ડ પ્રમુખ શ્રી તેજસ આહીર, મહામંત્રી શ્રી મનોજસિંહ સોલંકી, શ્રી મુકેશભાઈ પટેલ, નગરસેવક શ્રી ચિરાગસિંહ સોલંકી, શ્રીમતી રીનાબેન રાજપૂત, શ્રીમતી આરતીબેન ચૌધરી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ દંડક શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, હોદ્દેદારશ્રીઓ, આગેવાનો, શિક્ષકગણ, વાલીઓ તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

સ્થાનિક વોર્ડ પ્રમુખ તેજસ આહીર સાથે માજી સરપંચ, માજી આરસીસી પ્રમુખ, વર્તમાન સૂરત નગર બક્ષીપંચ ઉપપ્રમુખ ધનસુખભાઇ પટેલ અને રાજુભાઈ પટેલ (સાગર હોટલ) એ પણ સંયુક્ત રીતે જણાવ્યું કે, ઉંબર ગામે નવીન શાળા ભવનનું નિર્માણ સ્થાનિક બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે મહત્વપૂર્ણ ભેટ સમાન છે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ શાળા ભવનથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે વધુ સાનુકૂળ વાતાવરણ મળશે તેમજ ગામના શૈક્ષણિક વિકાસને પણ નવી ગતિ મળશે.

શિક્ષણ ક્ષેત્રે માળખાકીય સુવિધાઓનો વિકાસ એ ભાવિ પેઢીના નિર્માણમાં કરાયેલું રોકાણ છે, ત્યારે સુરત મહાનગર વિસ્તારમાં કરોડો રૂપિયાના ખર્ચે થઈ રહેલા શાળા ભવનોના નિર્માણથી વિદ્યાર્થીઓને વધુ સારા શૈક્ષણિક વાતાવરણ સાથે અભ્યાસ કરવાની તક મળશે. આજ શાળાના માજી મુખ્ય શિક્ષક અને હાલના યુ આર સી શ્રી રાકેશભાઈ પાઠક અને સીઆરસી શ્રી સૈયદ મઝહરઅલી ના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, આ પ્રસંગે શાળાના શિક્ષક દિનેશભાઈએ જણાવ્યું હતું કે, ઉંબર ગામે સાકાર થયેલું આ શાળા ભવન પણ શિક્ષણ અને વિકાસના નવા અધ્યાયનું પ્રતીક બની રહેશે. શાળાના નવા વરાયેલા ઉત્સાહી HTAT આચાર્ય શ્રીમતી દીપ્તિબેન જે. પટેલ અને શાળાના તમામ સ્ટાફ ના સહયોગથી આ કાર્યક્રમ શાંતિ પ્રિય અને ખૂબ જ સરસ રીતે, અને સફળતા પૂર્વક પૂર્ણ થયો.

# સચિનમાં કેન્સર સામેની જાગૃતિની અનોખી પહેલ : ૧૨૨ લાભાર્થીઓએ મેળવ્યો HPV વેક્સિનનો સંપૂર્ણ કોર્સ

## રંગાનુરાગ ટ્રસ્ટ સહિત વિવિધ સંસ્થાઓના સહયોગથી કિશોરીઓ અને યુવાનોને વિનામૂલ્યે HPV રસીના ત્રણેય ડોઝ અપાયા; સ્વસ્થ અને સુરક્ષિત ભવિષ્ય માટે સેવાકીય અભિયાનનું સફળ સમાપન





**પ્રજા પંખ, સચીનઃ** રંગાનુરાગ ટ્રસ્ટ-સચિન, ડીકન્સ એજયુકેશન ફાઉન્ડેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, સાઇલેન્ટ ડોનર્સ ગ્રુપ અને સ્વ.ભારતીબેન રાજેન્દ્રભાઈ દેસાઈના સ્મરણાર્થે તેમના સુપુત્રો શ્રી દર્શન દેસાઈ અને શ્રી જય દેસાઈના સૌજન્યથી તેમજ

જાયન્ટ્સ ગ્રુપ ઓફ સચિન વિભાગના સહકાર અને ભારતીમૈયા મેમોરિયલ ફાઉન્ડેશન સંચાલિત ભરત કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટરના સહયોગથી, સચિન હાઉસિંગ બોર્ડ ખાતે આવેલી ડીકન્સ ઇંગ્લીશ મીડીયમ હાઇસ્કૂલ ખાતે તા. ૨૫-૦૧-૨૦૨૬ના રોજ વિનામૂલ્યે કેન્સર તપાસ-નિદાન કેમ્પ તથા ફ્રી HPV વેક્સિનેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અભિયાન અંતર્ગત તા. ૨૯-૦૩-૨૦૨૬ના રોજ HPV વેક્સિનનો બીજો ડોઝ વિનામૂલ્યે આપવામાં આવ્યો હતો અને આજે ૯/૦૮/૨૦૨૬ના રોજ વેક્સિનનો અંતિમ (ત્રીજો) ડોઝ પણ વિનામૂલ્યે આપવામાં આવ્યો.

આ સેવાકીય અભિયાન અંતર્ગત કુલ ૧૨૨ જેટલા લાભાર્થીઓએ HPV વેક્સિનના સંપૂર્ણ કોર્સનો વિનામૂલ્યે લાભ લીધો છે. રંગાનુરાગ ટ્રસ્ટના તેમજ દરેક સહયોગી સંસ્થાઓના સભ્યોનું દ્રઢપણે માનવું છે કે આ પહેલ દ્વારા કેન્સર સામેની જાગૃતિ વધારવા સાથે કિશોરીઓ અને યુવાનોના સ્વસ્થ અને સુરક્ષિત ભવિષ્ય માટે એક નાનકડું પરંતુ મહત્વપૂર્ણ યોગદાન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ સેવાકીય કાર્યને સફળ બનાવવા માટે સહયોગ આપનાર તમામ સંસ્થાઓ, તબીબી ટીમ, સ્વયંસેવકો, શાળા પરિવાર તથા તમામ સહયોગીઓનો રંગાનુંરાગ પ્રેસિડેન્ટ ગિરિરાજસિંહ વાંસીયા દ્વારા હૃદયપૂર્વક અભિનંદન અને આભાર માનવામાં આવ્યો.

# સચિનમાં આદિજાતિ-હળપતિ પરિવારો માટે રાત્રિ સેવા સેતુનું આયોજન

## પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતની સરકારી આવાસ સહાયનો લાભ મેળવવામાં પડતી મુશ્કેલીઓના નિવારણ માટે જિલ્લા વહીવટી તંત્ર અને સુરત મહાનગરપાલિકાનો સંયુક્ત પ્રયાસ





**પ્રજા પંખ, સચીનઃ** જિલ્લા વહીવટી તંત્ર અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન-બી, કનકપુર વિસ્તારમાં આદિજાતિ સમુદાયના પરિવારોને સરકારી આવાસ યોજનાઓનો સરળતાથી લાભ મળી રહે તે હેતુથી BLC ઘટક અંતર્ગત રાત્રિ સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૦૭/૦૮/૨૦૨૬ ના રોજ સચિન કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલા આ રાત્રિ સેવા સેતુ કાર્યક્રમમાં સ્થાનિક કોર્પોરેટર શ્રીમતી આરતીબેન ચૌધરી, વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ આદિજાતિ અને હળપતિ સમુદાયના જરૂરિયાતમંદ પરિવારોને પાકા મકાન માટેની સહાય તથા પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતની સરકારી આવાસ યોજનાઓનો લાભ મેળવવામાં પડતી વહીવટી અને દસ્તાવેજી મુશ્કેલીઓનું સ્થળ પર જ નિરાકરણ લાવવાનો હતો. જરૂરી પુરાવા અને દસ્તાવેજો અંગે માર્ગદર્શન આપવા તેમજ લાભાર્થીઓને સરકારી યોજનાઓ સાથે જોડવા માટે સંબંધિત અધિકારીઓ દ્વારા સ્થળ પર જરૂરી માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. સચિન તથા પારડી-કણદે વિસ્તારના હળપતિ બંધુઓ અને આદિજાતિ સમુદાયના પરિવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ સેવા સેતુનો લાભ લીધો હતો. રાત્રિના સમયે યોજાયેલા આ કાર્યક્રમના કારણે રોજગારી અને દૈનિક મજૂરીના કામકાજને અસર ન થાય તે રીતે લાભાર્થીઓને સરકારી યોજનાઓની સેવાઓ તેમના અનુકૂળ સમયે મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સેવા સેતુ કાર્યક્રમને પગલે લાભાર્થી પરિવારોમાં સરકારી આવાસ યોજનાઓ અંગે જાગૃતિ વધવા સાથે જરૂરી દસ્તાવેજો અને સહાય મેળવવાની પ્રક્રિયા સરળ બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

**આગામી રાત્રિ સેવા સેતુ ઉંબરમાં-** આ સેવા સેતુની સેવાઓ વધુ જરૂરિયાતમંદ પરિવારો સુધી પહોંચે તે માટે આગામી રાત્રિ સેવા સેતુ કાર્યક્રમ તા. ૧૪/૦૮/૨૦૨૬ના રોજ ઉંબર મુકામે યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં પણ આદિજાતિ તથા હળપતિ સમુદાયના લાભાર્થીઓને વિવિધ સરકારી આવાસ યોજનાઓ અને જરૂરી દસ્તાવેજી પ્રક્રિયા અંગે માર્ગદર્શન તથા સહાય પૂરી પાડવામાં આવશે.

# શ્રાવણ માસ નિમિત્તે મહાકાલેશ્વર મહાદેવ મંદિરે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

## ચારેય સોમવારે વિશેષ શણગાર, રુદ્રાક્ષ પ્રસાદી અને તા. ૩૧ ઓગસ્ટે ભસ્મ આરતીનું વિશેષ આયોજન



**સચિન, પ્રજાપંખ દ્વારા** :પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ભક્તિ, આસ્થા અને આધ્યાત્મિકતાના માહોલમાં મહાકાલેશ્વર મહાદેવ મંદિરે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રાવણ માસ દરમિયાન ભગવાન મહાકાલેશ્વર મહાદેવના વિશેષ શણગાર, પૂજા-અભિષેક, આરતી તથા અન્ય ધાર્મિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ભક્તજનો જોડાઈ ધર્મલાભ લે તેવી અપીલ કરવામાં આવી છે.

શ્રાવણ માસ દરમિયાન અભિષેક સવારે ૫:૪૫ કલાકે તથા સવારે ૬:૪૫ કલાકે અને સાંજે ૭:૦૦ કલાકે આરતી યોજાશે. જ્યારે દર સોમવારે સવારે ૭:૦૦ કલાકે વિશેષ આરતી કરવામાં આવશે. શ્રાવણ માસના ચારેય સોમવારે મહાકાલેશ્વર દાદાનો વિશેષ શણગાર કરવામાં આવશે. જે ભક્તોને દર સોમવારે શણગારનો લાભ લેવા તેમજ ભગવાનની પૂજા-અભિષેક કરાવવાની ઈચ્છા હોય તેઓએ મહારાજશ્રીનો સંપર્ક કરી પોતાનું નામ નોંધાવવાનું રહેશે.

તા. ૩૧-૦૮-૨૦૨૬, સોમવારના રોજ સવારે ૬:૩૦ કલાકે ભસ્મ આરતીનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. તેમજ દર સોમવારે ભક્તોને પ્રસાદીરૂપે રુદ્રાક્ષ આપવામાં આવશે. શ્રાવણ માસના છેલ્લા સોમવાર તા. ૦૭-૦૯-૨૦૨૬ ના રોજ સાંજે ૭:૦૦ કલાકે મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. તમામ ભક્તોએ મહા આરતી માટેની આરતી તૈયાર કરીને પોતાની સાથે લાવવા વિનંતી કરવામાં આવી છે.

શ્રાવણ માસના અંતિમ દિવસે તા. ૧૧-૦૯-૨૦૨૬ ના રોજ ભગવાન મહાકાલેશ્વર મહાદેવનો વિશેષ શણગાર કરવામાં આવશે. જે ભક્તો પોતાના તરફથી શણગાર કરાવવાનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ વહેલી તકે મહારાજશ્રીનો સંપર્ક કરી નામ નોંધાવવું. આ ઉપરાંત તા. ૧૧-૦૯-૨૦૨૬ ના રોજ રાત્રે ૯:૦૦ કલાકે ભજન સંધ્યાનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભક્તજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભક્તિરસનો આનંદ માણે તેવી વિનંતી છે.

તે જ દિવસે યોજાનારી રાત્રી પ્રહર પૂજામાં જે ભક્તોને બેસવાનો લાભ લેવો હોય તેમણે પણ વહેલી તકે મહારાજશ્રીનો સંપર્ક કરી પોતાનું નામ નોંધાવી દેવું. શ્રાવણ માસના આ તમામ ધાર્મિક આયોજનોમાં સૌ ભક્તજનો પરિવાર સહિત ઉપસ્થિત રહી ભગવાન મહાકાલેશ્વર મહાદેવના દર્શન, પૂજા-અર્ચના અને આશીર્વાદનો લાભ લે તેવી મંદિર તરફથી ભાવભીની અપીલ કરવામાં આવી છે. મહારાજશ્રી-ભવનેશ ભારથી નટવર ભારથી ગોસાઈ એ જણાવ્યું છે.

# જાયન્ટ્સ ગ્રુપ ઓફ સચિન વિભાગ દ્વારા આ વર્ષનો બીજો વૃક્ષારોપણ



**સચિન, પ્રજાપંખ દ્વારા** :જાયન્ટ્સ ગ્રુપ ઓફ સચિન વિભાગ દ્વારા આ વર્ષનો બીજો વૃક્ષારોપણ

કાર્યક્રમ ગત તારીખ ૦૭-૮-૨૦૨૬ ના રોજ લિંગડ ગામના રમણીય તળાવ કિનારે આશરે ૨૫થી પણ વધુ વૃક્ષોના રોપાણથી સંપન્ન થયો.

આજના આ વૃક્ષારોપણની શરૂઆત ગ્રુપના સ્થાપક સભ્ય અને વડીલ એવા જા.શ્રી પરવેઝભાઇ સચિનવાલા, પલસાણા તાલુકા પંચાયત સભ્ય શ્રી ગીરીશભાઈ પટેલ વિ. દ્વારા કરવામાં આવી. ત્યારબાદ લિંગડ ગામના ઉપસરપંચ શ્રી કલ્પેશભાઈ, લિંગડ પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી રાજેશભાઈ સોલંકી તેમજ શિક્ષક શ્રી નિલેશભાઈ, ગ્રુપના સભ્ય અને ફેડ.ઓફીસર જા.સુરેન્દ્રભાઈ મિસ્ત્રી, પૂર્વફેડ.ઓફી.સુભાષભાઈ રાવલ, પ્રમુખ જયોતિબેન ચૌહાણ, ડી. ઓ. ગીરીરાજસિંહ વાંસિયા, ઉપપ્રમુખ નિશાબેન કુકડીયા, જા.જયશ્રીબેન, જા. અજયભાઈ, જા. જાગૃતિબેન, જા. હરેશભાઈ, જા. હિતેન્દ્રભાઈ, જા. નરેશભાઈ વિ. દ્વારા એક-એક વૃક્ષ રોપવામાં આવ્યું હતું.

### સુરતમાં ગાંજાના નેટવર્ક પર પોલીસ ત્રાટકી

# સચિન GIDC અને અમરોલીમાંથી રૂ.૨.૩૦ લાખના મુદ્દામાલ સાથે બે પેડલર ઝડપાયા



સુરત-સુરત શહેરને નશામુક્ત બનાવવા માટે ચાલી રહેલા 'નો ડ્રગ્સ ઇન સુરત સિટી' અભિયાન અંતર્ગત પોલીસે બે અલગ-અલગ વિસ્તારોમાં દરોડા પાડી ગેરકાયદેસર નાર્કોટીક્સ ડ્રગ્સનું વેચાણ કરતા બે પેડલરોને પકડી પાડ્યા છે. સચિન GIDC અને અમરોલી પોલીસ મથકની ટીમો દ્વારા કરાયેલી આ કાર્યવાહીમાં પોલીસે કુલ ૨.૮૫ કિલોગ્રામ ગાંજો, રોકડ રકમ અને મોબાઈલ સહિત રૂ.૨.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

સચિન GIDC પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે તલંગપુરથી સચિન રેલ્વે સ્ટેશન તરફ જતા રોડ પર આવેલા BRTS બસ સ્ટેન્ડ સામેના ખુલ્લા મેદાન નજીક દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાંથી પોલીસે ૫૧ વર્ષીય એસ. ટૂના નામના શખ્સને ઝડપી લીધો હતો. મૂળ ઓડિશાનો વતની અને હાલ સુરતના વેડરોડ પર ફૂટપાથ પર રહેતો આ શખ્સ ગાંજાનું વેચાણ કરવાના ઈરાદે ઊભો હતો.

OWNER, PUBLISHER, PRINTER & EDITOR- MITALKUMAR PRAKASHBHAI BHAVSAR. PRINTED BY- UNNATI PRINTERS, -29 NATIONAL IND. SOC., OLD UNN NAKA, SURAT-NAVASARI MAIN ROAD, SURAT-394210 PUBLISHED AT -971, ADARSH NAGAR SOCIETY, KANAKPUR, G.H.BOARD, SACHIN. SURAT. (GUJARAT)-394230